# કેન્દ્રીય બજેટ 2022-23




## Key Points with Detailed Explanation




**To Get FREE PDF Kindly visit** www.bankingacademy.co.in

For Latest Vacancies & Updates Kindly visit @ **www.bankingacademy.co.in**

(Creating A Way For Govt. Jobs)

**Banking Academy**

(Preparation for All Types of Competitive Exams)

**Surat (Head Office)** Ph. : 96629 00564

**Varachha (Surat)** Ph. : 70464 16555

**Vyara** Ph. : 90998 64658

**Valsad** Ph. : 81401 37555

**Navsari** Ph. : 70466 41555

Join our Telegram Channel
@bankingacademygpscbank

Follow us on

❖ **તાજેતરમાં નાણાં અને કોર્પોરેટ બાબતોના મંત્રી નિર્મલા સીતારમણે 1 ફેબ્રુઆરીના રોજ સંસદમાં બજેટ રજૂ કર્યું.**

→ આ બજેટનું કદ ₹ 39,44,909 કરોડનું છે.

## ભાગ–A

→ ભારતનો આર્થિક વિકાસ દર ચાલુ નાણાંકીય વર્ષમાં 9.2% રહેવાની ધારણા છે. જે દુનિયાના તમામ મોટા અર્થતંત્રમાં સૌથી વધુ છે. દેશની અર્થવ્યવસ્થા મહામારીની અસરમાંથી બહાર આવીને તેજીથી આગળ વધી રહી છે.

→ નાણાંમંત્રીએ કહ્યું કે ભારત આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરી રહ્યો છે. ઈન્ડિયા @ 100 સુધી પહોંચવાની 25 વર્ષની લાંબી સફરમાં આગળ વધીને બજેટમાં 4 લક્ષ્યાંકોને પ્રાથમિકતા આપવામાં આવી છે.

(1) સર્વસમાવેશી વિકાસ

(2) PM ગતિશકિત

(3) ઉત્પાદકતામાં વધારો અને રોકાણ સનરાઈઝ (અરુણોદય) તકો, ઊર્જામાં પરિવર્તન અને આબોહવાલક્ષી કામગીરી.

(4) રોકાણનું ધિરાણ (ફાઈનાન્સિંગ)

**(1) સર્વ સમાવેશી વિકાસ :**

→ નાણાંમંત્રીએ કૃષિ ક્ષેત્રનો ઉલ્લેખ કરીને જાહેરાત કરી કે દેશમાં રસાયણમુકત કુદરતી ખેતીને પ્રોત્સાહન આપવામાં આવશે. જે અંતર્ગત પ્રથમ તબક્કામાં ગંગા નદીના કિનારે પાંચ કિલોમીટર પહોળા કોરિડોરમાં સ્થિત ખેડૂતોની જમીન પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે.

→ પાકના મૂલ્યાંકન, જમીનના રેકોર્ડનું ડિજિટાઈઝેશન, જંતુનાશક અને પોષક તત્વોના છંટકાવ માટે 'કિસાન ડ્રોન'ના ઉપયોગને પ્રોત્સાહન આપવામાં આવશે.

→ ઘઉં અને ડાંગરની ખરીદી માટે રૂ. 2.37 લાખ કરોડની સીધી ચૂકવણી 1.63 કરોડ ખેડૂતોને કરવામાં આવી.

→ નાબાર્ડ દ્વારા કૃષિ અને ગ્રામીણ ઉદ્યોગો માટે સ્ટાર્ટઅપને ભંડોળ પૂરુ પાડવા માટે બ્લેન્ડેડ મૂડી સાથે ભંડોળની સુવિધા પુરી પાડવામાં આવશે.

→ તેલીબિયાની આયાત પર નિર્ભરતા ઘટાડવા માટે એક તર્કસંગત અને વ્યાપક યોજના લાગુ કરવામાં આવશે, જેથી દેશમાં તેલીબીયાનું ઉત્પાદન વધી શકે.

→ વર્ષ 2023 ને 'આંતરરાષ્ટ્રીય બાજરી વર્ષ' જાહેર કર્યું છે, તેથી સરકાર લણણી પછી મૂલ્ય સંવર્ધનની સાથે સ્થાનિક વપરાશને વધારવા, દેશ–વિદેશમાં બાજરાના ઉત્પાદનોની બ્રાન્ડિંગ કરવા માટે સંપૂર્ણ સાથ સહકાર આપવાની જાહેરાત કરી.

❖ **કેન–બેતવા સંપર્ક યોજના :**

→ આ યોજનાનો અંદાજિત ખર્ચ રૂ. 44.606 કરોડ હશે.

→ જેનો ઉદ્દેશ ખેડૂતોની 9.08 લાખ હેકટર જમીનમાં સિંચાઈનો લાભ પ્રાપ્ત થશે.

→ વર્ષ 2022-23 ના બજેટમાં આ યોજના પાછળ રૂ.14.00 કરોડ ફાળવવામાં આવ્યા છે.

→ આ ઉપરાંત પાંચ નદીને જોડવું જેમકે, (1) દમણગંગા – પિંજાલ, (2) પાર–તાપી–નર્મદા, (3) ગોદાવરી – કૃષ્ણા, (4) કૃષ્ણા – પેન્નાર અને (5) પેન્નાર – કાવેરીના ડી.પી.આરની રૂપરેખાને અંતિમ રૂપ આપવામાં આવ્યું છે.

❖ **Micro, Small & Medium Enterprises (MSME) :**

→ ઉદ્યમ, ઈ–શ્રમ, NCS અને ASEEM પોર્ટલને એકબીજા સાથે લિંક કરવામાં આવશે.

→ 130 લાખથી વધુ MSME ને 'કટોકટી ધિરાણ સાથે સંકળાયેલ બાંયધરી યોજના (ECLGS)' અંતર્ગત વધારાનું ધિરાણ પૂરું પાડવામાં આવ્યું છે. જેથી તેમને મહામારીની માઠી અસરોને ઘટાડવામાં મદદ મળશે.

→ આ ECLGS યોજનાને માર્ચ 2023 સુધી લંબાવવામાં આવી છે.

→ ECLGS અંતર્ગત બાયધરી કવચ રૂ. 50,000 કરોડ સુધી વિસ્તરણ કરવામાં આવશે અને કુલ રૂ.5 લાખ કરોડનું કવચ થશે.

→ સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગો માટે ધિરાણ બાયધરી ટ્રસ્ટ (CGTMSE) હેઠળ સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગોને વધારાના ધિરાણ માટે રૂ. 2 લાખ કરોડની સુવિધા પુરી પાડવામાં આવશે જેથી રોજગારી ઊભી થશે.

→ આગામી 5 વર્ષમાં 6000 કરોડ રૂપિયાના ખર્ચ સાથે MSME ની કામગીરી વધારવા અને વેગ આપવા તથા MSME પર્ફોમન્સ (RAMP) કાર્યક્રમ શરૂ કરવામાં આવશે. જેથી આ ક્ષેત્રને વધારે મજબૂત, સ્પર્ધાત્મક અને પ્રભાવશાળી બનાવી શકાય.

❖ **કૌશલ વિકાસ :**

→ કૌશલ, પુનઃકૌશલ અથવા કૌશલ વૃદ્ધિ માટે ઓનલાઈન તાલીમ દ્વારા નાગરિકોને સશકત બનાવવા માટે 'કૌશલ અને આજીવિકા માટે ડિજિટલ ઈકોસિસ્ટમ' (DESH-Stack ઈ–પોર્ટલ) ની શરૂઆત કરવામાં આવશે.

→ વિવિધ ઉપયોગિતા દ્વારા ડ્રોન શકિતને સુવિધાજનક બનાવવાની સાથે એક સેવા સ્વરૂપે ડ્રોન (DrAAS) માટે સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવામાં આવશે.

→ તમામ રાજ્યોમાં સ્થિત પસંદગીની ITIમાં કૌશલ વધારવા માટે જરૂરી અભ્યાસક્રમ શરૂ કરવામાં આવશે. વ્યવસાયિક અભ્યાસક્રમોમાં જરૂરી ચિંતન–મનનને પ્રોત્સાહન આપવા જરૂરી કૌશલને પ્રોત્સાહન આપવા, રચનાત્મકતાની ગુંજાસ માટે વિજ્ઞાન અને ગણિતમાં 750 વર્ચ્યુઅલ પ્રયોગશાળાઓ અને વિકસિત શૈક્ષણિક વાતાવરણ માટે 75 કૌશલ્ય ઈ–લેબ વર્ષ 2022-23 માં સ્થાપિત કરાશે.

❖ **શિક્ષણ :**

→ PM ઈ–વિદ્યાના 'એક વર્ગ એક ટીવી ચેનલ' કાર્યક્રમનું 200 TV ચેનલ સુધી વિસ્તરણ કરવામાં આવશે. તેનાથી તમામ રાજ્ય ધોરણ 1 થી 12 સુધી પ્રાદેશિક ભાષાઓમાં પૂરક શિક્ષણ પ્રદાન કરવામાં સક્ષમ બની જશે.

→ દેશભરના વિદ્યાર્થીઓને તેમના ઘરઆંગણે વ્યકિતગત રીતે સુવિધા પ્રદાન કરવાના ઉદેશ સાથે આંતરરાષ્ટ્રીય સ્તરની ગુણવત્તાયુકત સર્વસુલભ શિક્ષણ આપવા માટે એક 'ડિજિટલ વિશ્વવિદ્યાલય' સ્થાપિત કરવામાં આવશે.

→ મહત્વપૂર્ણ વિચારશૈલી કૌશલ્ય અને સિમ્યુલેટેડ (આભાસી) અભ્યાસના માહોલ માટે વર્ચ્યુઅલ લેબોરેટરીઓ અને કૌશલ્ય ઈ–લેબ ઉભી કરવામાં આવશે.
→ ડિજિટલ શિક્ષકોના માધ્યમથી અભ્યાસ માટે ઉચ્ચ ગુણવત્તાવાળું ઈ–કન્ટેન્ટ તૈયાર કરવામાં આવશે.
→ દેશની શ્રેષ્ઠ સરકારી વિશ્વવિદ્યાલયો અને સંસ્થાઓ હબ–સ્પોક નેટવર્ક સ્વરૂપે સહયોગ આપશે.

❖ **સ્વાસ્થ્ય :**
→ આયુષ્યમાન ભારત ડિજિટલ અભિયાન અંતર્ગત 'નેશનલ ડિજિટલ હેલ્થ ઈકોસિસ્ટમ' માટે એક ઓપન પ્લેટફોર્મ શરૂ કરવામાં આવશે. જેમાં સ્વાસ્થ્યકર્મીઓ અને સ્વાસ્થ્ય સુવિધાઓ, વિશિષ્ટ સ્વાસ્થ્ય ઓળખ, સંમતિ માળખું અને તમામ માટે સ્વાસ્થ્યલક્ષી સુવિધાઓ ઉપલબ્ધતાને ડિજિટલ સ્વરૂપનો દરજ્જો આપવામાં આવશે.
→ કોરોના મહામારીમાં લોકોમાં માનસિક સ્વાસ્થ્યની સમસ્યામાં વધારો થયો છે. જેને નિવારવા માટે ગુણવત્તા યુકત માનસિક સ્વાસ્થ્ય સલાહ, દેખભાળ સેવાઓ સુધી શ્રેષ્ઠ પહોંચ સ્થાપિત કરવા માટે એક 'નેશનલ ટેલીમેન્ટલ હેલ્થ પ્રોગ્રામ' શરૂ કરવામાં આવશે. એમાં 23 ઉત્કૃષ્ટ ટેલી મેન્ટલ હેલ્થ નેટવર્ક (ટેલિ માનસિક સ્વાસ્થ્ય કેન્દ્ર) સ્થાપવામાં આવશે. જેના નોડલ સેન્ટર તરીકે 'NIMHANS' કાર્ય કરશે અને આંતરરાષ્ટ્રીય ઈન્ફરમેશન ટેકનોલોજી સંસ્થા – બેંગ્લુરુ (IIITB) તેને ટેકનિકલ સહાયતા પૂરી પાડશે.

❖ **હર ઘર, નલ સે જલ અભિયાન :**
→ આ અભિયાન અંતર્ગત વર્ષ 2022-23માં 3.8 કરોડ પરિવારોને આવરી લેવા માટે રૂ. 60,000 કરોડની ફાળવણીની જાહેરાત કરી છે.

❖ **સક્ષમ આંગણવાડી :**
→ મિશન શકિત, મિશન વાત્સલ્ય, સક્ષમ આંગણવાડી અને પોષણ 2.0 દ્વારા મહિલાઓ અને બાળકો માટે એકીકૃત લાભ પ્રદાન કરવામાં આવશે.
→ બે લાખ આંગણવાડીઓને 'સક્ષમ આંગણવાડીઓમાં' અપગ્રેડ કરવામાં આવશે.

❖ **સૌના માટે આવાસ :**
→ વર્ષ 2022-23માં ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત 80 લાખ મકાન બનાવવામાં આવશે. જેના માટે 48,000 કરોડ રૂપિયાની ફાળવણી કરી છે.
→ પૂર્વોત્તરના વિસ્તાર માટે પ્રધાનમંત્રીની વિકાસ પહેલ ઉત્તર પૂર્વ પરિષદના માધ્યમથી ઉત્તરપૂર્વ પ્રધાનમંત્રી વિકાસ પહેલ નામની એક યોજના શરૂ કરવામાં આવશે.
→ આ PM ગતિશકિતની ભાવનાને અનુરૂપ પૂર્વોત્તર ક્ષેત્રમાં માળખાકીય સુવિધાઓ અને સામાજિક વિકાસની પરિયોજનાઓ તેમજ આર્થિક પોષણ માટે આ નવી યોજના PM-DevINE શરૂ કરવામાં આવશે.
→ આ યોજના અંતર્ગત યુવાનો અને મહિલાઓને આજીવિકાની ગતિવિધિઓમાં સમર્થ બનાવવા માટે 1500 કરોડ રૂપિયાની પ્રારંભિક ફાળવણી કરવામાં આવશે.

❖ **જીવંત ગ્રામ કાર્યક્રમ :**
→ ઉત્તર સરહદે છૂટી છવાઈ વસ્તી, સિમિત સંપર્ક અને માળખાકીય સુવિધાઓવાળા સરહદી ગામડાઓના વિકાસ માટે જીવતં ગ્રામ કાર્યક્રમનો અમલ કરવામાં આવશે.

❖ **બેન્કિંગ :**
→ વર્ષ 2022 માં 100% 1.5 લાખ પોસ્ટ ઓફિસમાં કોર બેન્કિંગ વ્યવસ્થા શરૂ થઈ જશે, જેથી નાણાંકીય સમાવેશી શકય બનશે અને 11 નેટ બેન્કિંગ, મોબાઈલ બેન્કિંગ, ATMના માધ્યમથી પોતાના ખાતાને જોઈ શકાશે. તેમજ પોસ્ટ ઓફિસના ખાતામાંથી બેંક ખાતા વચ્ચે ઓનલાઈન નાણાં હસ્તાંતરણની સુવિધા પણ પ્રદાન કરવામાં આવશે.
→ દેશની આઝાદીના 75 વર્ષની ઉજવણી કરવા માટે સરકારે અનુસૂચિત વાણિજ્યક બેન્કો દ્વારા દેશના 75 જિલ્લાઓમાં 75 ડિજિટલ બેન્કિંગ યુનિટની (DBU) સ્થાપના કરવામાં આવશે. જેનો ઉદ્દેશ ઉપભોકતા અનુકૂળ રીતે દેશના તમામ વિસ્તારો સુધી ડિજિટલ બેન્કિંગની પહોંચ સ્થાપિત થાય.

❖ **ઈ–પાસપોર્ટ :**
→ નાગરિકો અને તેમની વિદેશી સફરમાં સરળતા વધારવાના ઉદ્દેશ સાથે વર્ષ 2022-23 માં એમ્બેડેડ ચિપ તથા ભવિષ્યની ટેકનોલોજીનો ઉપયોગ કરીને ઈ–પાસપોર્ટ ઈશ્યુ કરવામાં આવે છે.

❖ **શહેરી આયોજન :**
→ ભવનના નિર્માણના ઉપનિયમો, શહેરી આયોજન યોજના (TPS) અને પરિવહનલક્ષી વિકાસના આધુનિકીકરણને લાગુ કરવામાં આવશે.
→ શહેરી વિસ્તારોમાં મોટાપાયે ચાર્જિંગ સ્ટેશનો સ્થાપિત કરવા માટે બેટરીની અદલાબદલીની નીતિ લાવવામાં આવશે.

❖ **ભૂમિ રેકોર્ડ વ્યવસ્થાપન :**
→ ભૂમિના રેકોર્ડ માટે IT આધારિત વ્યવસ્થાપન માટે વિશિષ્ટ ભૂમિ પાર્સલ ઓળખ નંબર શરૂ થશે.

❖ **ત્વરિત કોર્પોરેટ નિર્ગમન :**
→ કંપનીઓને ઝડપથી બંધ કરવા માટે 'સેન્ટર ફોર પ્રોસેસિંગ એકસેલેરેટેડ કોર્પોરેશન એકિઝટ' (C-PACE)' સ્થાપિત કરવામાં આવશે.

❖ **AVGC પ્રોત્સાહન ટાસ્ક ફોર્સ :**
→ AVGC ક્ષેત્રમાં રહેલી સંભાવનાઓ ઓળખવા માટે એક એનિમેશન, વિઝયુઅલ ઈફેકટ, ગેમિંગ અને કોમિક (AVGC) પ્રોત્સાહન ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવશે.

❖ **ટેલિકોમ ક્ષેત્ર :**

→ સામાન્ય રીતે દૂરસંચાર અને ખાસ કરીને 5G ટેકનોલોજી, પ્રગતિ અને રોજગારીની તકો પ્રદાન કરવામાં સમર્થન બનાવી શકે છે.

→ ખાનગી દૂરસંચાર સેવા પ્રદાતાઓ દ્વારા 2022-23 ની અંદર 5G મોબાઈલ સેવાઓની શરૂઆતને સરળ બનાવવા માટે 2022માં અપેક્ષિત સ્પેકટ્રમની હરાજીઓને હાથ ધરવામાં આવશે. ડિઝાઈન આધારિત ઉત્પાદન માટે એક યોજના ઉત્પાદન સાથે સંલગ્ન પ્રોત્સાહન યોજનાના ભાગરૂપે 5G માટે એક મજબૂત વ્યવસ્થા બનાવવા માટે શરૂઆત કરવામાં આવશે.

❖ **નિકાસ પ્રોત્સાહન :**

→ ઉદ્યોગો અને સેવા હબના વિકાસમાં ભાગીદારી બનાવવા માટે રાજ્યોને સમર્થ બનાવવાના ઉદ્દેશ સાથે વિશેષ આર્થિક ઝોન (SEZ) અધિનિયમના સ્થાને એક નવા કાયદાનો અમલ કરવામાં આવશે.

❖ **સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા :**

→ સંરક્ષણ ક્ષેત્રના મોરચે સરકાર આયાતને ઘટાડવા કટિબદ્ધ છે અને સૈન્ય દળો માટે ઉપકરણમાં આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવા પ્રતિબદ્ધ છે.

→ મૂડીગત ખરીદી બજેટ 2021-22 માં 58% થી વધારીને વર્ષ 2022-23માં સ્થાનિક ઉદ્યોગ માટે 68% સુધી બજેટની જોગવાઈ કરવામાં આવશે.

→ સંરક્ષણ ક્ષેત્રમાં સંશોધન અને વિકાસ (R & D) બજેટનો 25% હિસ્સો ઉદ્યોગ, સ્ટાર્ટઅપ્સ અને શિક્ષા જગત માટે ખોલવામાં આવશે.

**(2) PM ગતિશકિત :**

→ PM ગતિશકિત એ આર્થિક વિકાસ, સતત વિકાસ માટે એક પરિવર્તનકારક અભિગમ છે.

→ PM ગતિશકિતને ચલાવતા સાત એન્જિન છે. જેમકે, (1) માર્ગો, (2) રેલવે, (3) હવાઈ મથકો, (4) બંદરો, (5) સામૂહિક પરિવહન, (6) જળમાર્ગો અને (7) લોજિસ્ટીક સંબંધિત માળખાકીય સુવિધાઓને ઝડપથી ગતિ મળી રહે છે. તમામ સાત એન્જિન પરસ્પર મળીને દેશના અર્થતંત્રને વૃદ્ધિના માર્ગે અગ્રેસર કરશે.

→ આ એન્જિનને ઊર્જા ટ્રાન્સમિશન, IT સંચાર, વ્યાપક જળ અને સુએજ તથા સામાજિક માળખાગત સુવિધાઓની પૂરક ભૂમિકાઓનો આવશ્યક સહયોગ મળી રહ્યો છે.

→ છેલ્લે આ દૃષ્ટિકોણમાં સ્વચ્છ ઊર્જા અને સબકા પ્રયાસ એટલે કે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને ખાનગી ક્ષેત્રના પ્રયાસોથી નવી ગતિ મળી રહે છે. જેનાથી તમામ ખાસ કરીને યુવાનોને વ્યાપક સ્તરે રોજગાર અને ઉદ્યોગ સાહસિકતાની તકો પ્રાપ્ત થઈ રહી છે.

❖ **માર્ગ પરિવહન :**

→ વર્ષ 2022-23માં એકસપ્રેસ વે માટે PM ગતિશકિત માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવશે, જેથી લોકો અને ચીજવસ્તુઓની ત્વરિત અવરજવર શકય બને. વર્ષ 2022-23માં રાષ્ટ્રીય રાજમાર્ગ (N.H.) નેટવર્કમાં 25,000 કિ.મી.નો વધારો કરવામાં આવશે અને સરકારી સંસાધનના પૂરક સ્વરૂપે ધિરાણની નવીન રીતો દ્વારા રૂા. 20,000 કરોડનું ભંડોળ ઊભું કરવામાં આવશે.

❖ **મલ્ટી મોડેલ લોજિસ્ટિક પાર્ક :**

→ PPP ધોરણે ચાર સ્થાનો પર 'મલ્ટિ–મોડલ લોજિસ્ટિકસ પાર્ક' બનાવવા માટે વર્ષ 2022-23 માં કોન્ટ્રાકટ આપવામાં આવશે.

❖ **રેલવે :**

→ રેલવેમાં 'એક સ્ટેશન – એક ઉત્પાદન' (One Nation – One Product)ની વિભાવના સ્થાનિક વ્યવસાયો અને પુરવઠા શ્રૃંખલાઓને મદદરૂપ થશે.

→ વર્ષ 2022-23 દરમિયાન સ્વદેશી વિશ્વ કક્ષાની ટેકનોલોજી અને વૃદ્ધિ કવચ અંતર્ગત 2000 કિ.મી.નું રેલવે નેટવર્ક લાવવામાં આવશે.

→ આગામી ત્રણ વર્ષમાં 400 અદ્યતન 'વંદે ભારત ટ્રેનોનું' ઉત્પાદન કરવામાં આવશે. જે પ્રવાસીઓને શ્રેષ્ઠ અનુભવ આપશે અને શ્રેષ્ઠ ઊર્જાદક્ષતા ધરાવતી હશે.

→ આવનારા ત્રણ વર્ષ દરમિયાન મલ્ટીમોડલ લોજિસ્ટિકસ માટે 100 PM ગતિ શકિત કાર્ગો ટર્મિનલનો વિકાસ કરવામાં આવશે.

❖ **પર્વતમાલા :**

→ PPP મોડ દ્વારા 'રાષ્ટ્રીય રોપ–વે વિકાસ કાર્યક્રમ' પર્વતમાલા હાથ ધરવામાં આવશે.

→ 60 કિ.મી. લંબાઈના 8 રોપ–વે પ્રોજેકટ માટે 2022-23 દરમિયાન કરારોની ફાળવણી કરવામાં આવશે.

**(3) સનરાઈઝ (અરુણોદય) તક :**

→ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), જિયોસ્પેટિઅલ સિસ્ટમ અને ડ્રોન્સ, સેમિકંડકટર અને તેની વ્યવસ્થા, અંતરિક્ષ અર્થતંત્ર, જેનોમિકસ અને ફાર્માસ્યુટિકલ્સ, ગ્રીન એનર્જી અને અવર જવરની સ્વચ્છ વ્યવસ્થાઓ મોટા પાયા પર વિકાસમાં સહાયતા કરવા અને દેશને આધુનિક બનાવવામાં વ્યાપક સંભાવના ધરાવે છે.

→ આ યુવાનો માટે રોજગારી પ્રદાન કરે છે અને ભારતીય ઉદ્યોગ જગતને વધારે પ્રભાવશાળી અને સ્પર્ધાત્મક બનાવે છે.

**(4) ઊર્જા ટ્રાન્સમિશન અને જળવાયુ કામગીરી :**

→ વર્ષ 2030 સુધીમાં સ્થાપિત સૌર ઊર્જાનું 280 GW નું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે ઉચ્ચ કાર્યદક્ષતા ધરાવતા સૌર મોડયુલના નિર્માણ માટે ઉત્પાદન સાથે સંકળાયેલ પ્રોત્સાહન માટે રૂ. 19,500 કરોડની વધારાની ફાળવણી કરવામાં આવી છે.

→ ઉષ્મા ઊર્જા પ્લાન્ટ્સમાં 5 થી 7% બાયોમાસ પેલેટ્સ કો–ફાયર કરવામાં આવશે. જેથી ખેડુ માટે વધારાની આવક અને સ્થાનિક લોકો માટે રોજગારીની તકો પુરી પાડશે અને ખેતરમાં પરાળી સળગાવવાનું રોકવામાં મદદ મળશે.

→ કોલ ગેસિફિકેશન કરવા માટે તેમજ ઉદ્યોગ માટે કોલસાને રસાયણોમાં પરિવર્તિત કરવા માટે ચાર પાયલોટ પ્રોજેકટની સ્થાપના કરવામાં આવશે.

→ SC અને ST જૂથ સાથે સંકળાયેલા ખેડૂતોમાં જેઓ 'એગ્રો – ફોરેસ્ટ્રી' અપનાવવા માંગતા હોય તેમને આર્થિક સહાય આપવામાં આવશે.

Banking Academy

❖ **સાર્વજનિક મૂડીગત રોકાણ :**

→ નાણાંમંત્રી એ જણાવ્યું કે સરકારી રોકાણને આગળ વધારવાની જરૂર છે અને વર્ષ 2022-23 માં ખાનગી રોકાણ અને માંગને વધારવાની જરૂર છે.

→ આ બાબતને ધ્યાનમાં રાખી બજેટમાં મૂડીગત ખર્ચમાં વધારો કરવામાં આવ્યો છે. વર્ષ 2022-23 દરમિયાન મૂડીગત ખર્ચ માટે ખર્ચની રકમ તીવ્ર ગતિએ 35.4 % વધારીને 7.50 લાખ કરોડ રૂપિયા કરવામાં આવ્યો. જે વર્તમાન વર્ષમાં 5.54 લાખ કરોડ રૂપિયા હતી.

→ વર્ષ 2022-23 મા મૂડીગત ખર્ચ GDPના 2.9% હશે.

→ આ રોકાણની સાથે કેન્દ્ર સરકારનો અસરકારક મૂડીગત ખર્ચ અંદાજે 10.68 લાખ કરોડ રૂપિયા થઈ જશે, જે GDPના લગભગ 4.1% હશે.

❖ **GIFT – IFSC :**

→ GIFT સિટીમાં વિશ્વ સ્તરીય વિદેશી યુનિવર્સિટીઓ અને સંસ્થાઓને મંજૂરી આપવામાં આવશે.

→ આંતરરાષ્ટ્રીય 'આર્બિટ્રેશન સેન્ટર' અંતર્ગત વિવાદોના સમયસર નિવારણ માટે એક 'આંતરરાષ્ટ્રીય મધ્યસ્થા કેન્દ્ર'ની સ્થાપના કરવામાં આવશે.

❖ **સંસાધનોનું એકત્રીકરણ :**

→ ડેટા સેન્ટર અને ઊર્જા સંગ્રહ પ્રણાલીઓને માળખાકીય સુવિધાનો દરજ્જો આપવામાં આવશે.

→ વેન્ચર કેપિટલ અને ખાનગી ઈક્વિટીને ગયા વર્ષમાં 5.5 લાખ કરોડ રૂપિયા કરતાં વધારે રકમનું રોકાણ મળ્યું હતું અને તેનાથી એક સૌથી મોટી સ્ટાર્ટઅપ અને વિકાસ ઈકો સિસ્ટમની સુવિધા મળી શકી હતી. આ રોકાણમાં વધારો કરવા માટે ઉપાયો કરવામાં આવી રહ્યા છે.

→ સનરાઈઝ ક્ષેત્રો માટે 'બ્લેન્ડેડ ફંડ્સ'ને પ્રોત્સાહન આપવામાં આવશે.

→ ગ્રીન માળખાકીય સુવિધાઓ માટે સંસાધનો એકત્રિત કરવા 'સોવેરિન ગ્રીન બોન્ડ' બહાર પાડવામાં આવશે. જેથી પર્યાવરણને અનુકૂળ માળખાગત સુવિધા ઉભી કરવામાં આવશે.

❖ **ડિજિટલ રૂપી :**

→ સરકારે બ્લોક ચેન અને અન્ય ટેકનોલોજીના ઉપયોગથી ડિજિટલ રૂપિયાની શરૂઆત કરવાની દરખાસ્ત રજૂ કરી છે. જેને RBI દ્વારા 2022-23માં ડિજિટલ રૂપીની શરૂઆત કરવામાં આવશે.

❖ **રાજ્યોને બૃહદ રાજકોષીય અવકાશ ઉપલબ્ધ કરાવવો :**

→ સહકારી સંઘવાદની સાચી ભાવનાને જાહેર કરીને કેન્દ્ર સરકારે રાજ્યોને નાણાંકીય સહાયતા માટે મૂડીરોકાણ યોજનાના ખર્ચને 10,000 કરોડ રૂપિયાથી વધારીને ચાલુ વર્ષના સંશોધિત અંદાજમાં 15,000 કરોડ રૂપિયા કરી દીધી છે.

→ આ ઉપરાંત વર્ષ 2022-23 માટે અર્થતંત્રમાં તમામ રોકાણોને પ્રેરિત કરવાના ઉદ્દેશ સાથે રાજ્યોની મદદ કરવા માટે 1 લાખ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. આ ફાળવણી 50 વર્ષ માટે વ્યાજમુક્ત લોન પુરી પાડવામાં આવશે, જે સામાન્ય ધિરાણ સિવાય વધારાનું ધિરાણ છે. આ પ્રકારની ફાળવણીનો ઉપયોગ PM ગતિશક્તિ સાથે જોડાયેલા રોકાણો અને રાજ્યોની અન્ય ઉત્પાદક મૂડી રોકાણમાં કરવામાં આવશે.

→ વર્ષ 2022-23 માં 15માં નાણાપંચની ભલામણ અનુસાર રાજ્યોને GSDPના 4% સુધી રાજકોષીય ખાદ્યની છૂટ આપશે. જેમાંથી 0.5% વીજળી ક્ષેત્રમાં સુધારા સાથે સંબંધિત હશે.

❖ **રાજકોષીય વ્યવસ્થાપન :**

→ બજેટ અનુમાન 2021-22 : 34.83 લાખ કરોડ રૂપિયા

→ સુધારવામાં આવેલું અનુમાન 2021-22 : 37.70 લાખ કરોડ રૂપિયા

→ વર્ષ 2022-23 માં કુલ અનુમાનિત ખર્ચ : 39.45 લાખ કરોડ રૂપિયા

→ વર્ષ 2022-23 ઉધારી સિવાય કુલ પ્રાપ્તિ : 22.84 લાખ કરોડ રૂપિયા

→ ચાલુ નાણાંકીય વર્ષમાં સંશોધિત રાજકોષીય ખાદ્ય GDPના 6.9% રહી છે. જ્યારે બજેટમાં તેનો અંદાજ 6.8% હતો.

→ વર્ષ 2022-23 માં રાજકોષીય ખાદ્ય GDPના અંદાજે 6.4% છે. જે રાજકોષીય મજબૂતીના માર્ગે છે.

→ વર્ષ 2025-26 સુધી રાજકોષીય ખાદ્યને 4.5% નીચલા સ્તરે લઈ જવામાં આવશે.

## ભાગ–B

**(1) પ્રત્યક્ષ કરવેરાઓ :**

→ કર વ્યવસ્થાને વધુ સરળ અને વિશ્વનીય બનાવવામાં આવશે. કરદાતાઓનાં સ્વૈચ્છિક પાલન માટે પ્રોત્સાહન આપશે અને કાયદાકીય કેસોમાં ઘટાડો કરશે.

→ નવા 'અદ્યતન રિટર્ન'ની રજૂઆત –

– વધારાના કરવેરાની ચૂકવણી ઉપર અદ્યતન રિટર્ન ફાઈલ કરવાની જોગવાઈ.

– અગાઉ ચૂકી ગયેલી આવક જાહેર કરવા માટે આકારણી કર્તાને સક્ષમ બનાવશે.

– સંબંધિત આકારણી વર્ષના અંતથી બે વર્ષની અંદર ફાઈલ કરી શકાશે.

→ સહકારી મંડળીઓ –

– બજેટમાં સહકારી મંડળીઓ દ્વારા ચૂકવવામાં આવતાં વૈકલ્પિક લઘુત્તમ કરવેરાને 18.5% થી ઘટાડીને 15% કરવામાં આવ્યો.

– સહકારી મંડળીઓ અને કંપનીઓની વચ્ચે સ્વસ્થ હરિફાઈનું વાતાવરણ પૂરું પાડવામાં આવશે.

– રૂ. 1 કરોડ થી વધારે અને રૂ.10 કરોડ સુધીની કુલ આવક ધરાવતી સહકારી મંડળીઓ ઉપર સરચાર્જ 12% થી ઘટાડીને 7% કરવામાં આવ્યો.

→ દિવ્યાંગ વ્યકિતઓ માટે કર રાહત –

– દિવ્યાંગ વ્યકિતના માતા–પિતા કે સંરક્ષણ આપતી વ્યકિત વીમાની યોજનાનો લાભ લઈ શકે છે. હાલ કાયદામાં માતા–પિતા કે સંરક્ષકને કરમુકિતનો લાભ તો જ મળે છે જો દિવ્યાંગ વ્યકિત માટે વીમો ઉતરાવનાર માતા–પિતા કે સંરક્ષકનું મૃત્યુ થવાથી લમ્પ–સમ રકમ કે એન્યુઈટીની સુવિધા ઉપલબ્ધ થાય છે. આ બજેટમાં માતા–પિતા / સંરક્ષકના જીવનકાળ દરમિયાન પણ એટલે કે માતા–પિતા / સંરક્ષકની ઉંમર 60 વર્ષ થવા પર એન્યુઈટી અને લમ્પ–સમ રકમની ચૂકવણી કરવાની મંજૂરી આપવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે.

→ રાષ્ટ્રીય પેન્શન યોજનામાં યોગદાનમાં સમાનતા –

– કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય પેન્શન વ્યવસ્થા (NPS) ટિઅર–1 માં પોતાના કર્મચારીઓના પગારમાં 14% ના યોગદાનને સ્વીકારે છે. આને કર્મચારીની આવકની ગણતરી કરવામાં કરમુકિત સ્વરૂપે સ્વીકારવામાં આવી છે. જો કે રાજ્ય સરકારના કર્મચારીની બાબતમાં આ પ્રકારની કરમુકિતને પગારના 10% ની હદ સુધી સ્વીકૃતિ આપવામાં આવી છે.

– બજેટમાં કેન્દ્ર રાજ્ય એમ બંને સરકારોના કર્મચારીઓ પ્રત્યે સમાન વ્યવહાર કરવા માટે રાજ્ય સરકારના કર્મચારીઓ માટે પણ NPS ના ખાતામાં કંપનીના પ્રદાન પર કરમુકિતની મર્યાદા 10 ટકાથી વધારીને 14% રાખવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે.

❖ **સ્ટાર્ટ અપ્સ માટે પ્રોત્સાહનો :**

→ 31-03-2022 અગાઉ સ્થાપિત અને લાયકાત ધરાવતા સ્ટાર્ટઅપ્સને સ્થાપનાના દસ વર્ષમાંથી સતત ત્રણ વર્ષો માટે કર પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને બજેટમાં કરવેરાનું પ્રોત્સાહન આપવા માટે લાયકાત ધરાવતા સ્ટાર્ટઅપ્સની રચનાનો ગાળો વધુ એક વર્ષ એટલે કે 31-03-2023 સુધી લંબાવવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે.

❖ **રાહત દરે કર વ્યવસ્થા હેઠળ પ્રોત્સાહનો :**

→ સ્થાનિક કંપનીઓ માટે વૈશ્વિક સ્વરૂપે સ્પર્ધાત્મક વેપાર વાણિજ્યના વાતાવરણમાં અગ્રેસર કરવા માટે સરકાર દ્વારા નવરચિત સ્થાનિક ઉત્પાદક કંપનીઓ માટે 15% ની કરવેરાની છૂટછાટની વ્યવસ્થા લાગુ કરવામાં આવી છે. યુનિયન બજેટમાં કલમ 115 BAB અંતર્ગત અંતિમ તારીખ એક વર્ષ એટલે કે 31 માર્ચ, 2023 થી વધારીને 31 માર્ચ, 2024 કરવામાં આવી.

❖ **વર્ચ્યુઅલ ડિજિટલ અસ્કયામતના કરવેરા માટે યોજના :**

→ વર્ચ્યુઅલ ડિજિટલ અસ્કયામત માટે ચોક્કસ કર વ્યવસ્થા રજૂ કરવામાં આવી.

→ કોઈપણ પ્રકારની વર્ચ્યુઅલ ડિજિટલ અસ્કયામતના હસ્તાંતરણમાંથી કોઈપણ આવક પર 30% ના દરે કરવેરો લાગુ પડશે.

→ અધિગ્રહણના ખર્ચ સિવાય આવી આવકની ગણતરી કરતી વખતે કોઈપણ ખર્ચ અથવા ભથ્થાના સંદર્ભમાં કોઈ કપાતની પરવાનગી આપવામાં આવશે નહીં.

→ વર્ચ્યુઅલ ડિજિટલ અસ્કયામતની હસ્તાંતરણમાંથી ઉદ્ભવેલું નુકસાન કોઈપણ અન્ય આવકની સામે સરભર કરી શકશે નહીં.

→ વ્યવહારની વિગતો પ્રાપ્ત કરવા માટે નાણાંકીય ટોચ મર્યાદા ઉપરાંત આવા કોઈપણ અવેજના 1% ના દરે વર્ચ્યુઅલ ડિજિટલ અસ્કયામતના હસ્તાંતરણના સંદર્ભમાં ચૂકવણી ઉપર TDS લાગુ પાડવામાં આવશે.

→ વર્ચ્યુઅલ ડિજિટલ અસ્કયામતની ભેટ પણ તેના પ્રાપ્તકર્તા માટે કરપાત્ર બનશે.

❖ **કોર્ટ કેસોનું પ્રબંધન :**

→ ઉચ્ચ અદાલત અથવા સર્વોચ્ચ અદાલતમાં પડતર હોય તેવા કોઈ સમાન પ્રકારનો કાયદાનો પ્રશ્ન ધરાવતાં કેસોના કિસ્સામાં આવા કાયદાના પ્રશ્નનો અદાલત દ્વારા નિર્ણય લેવામાં ન આવે ત્યાં સુધી વિભાગ દ્વારા તેની સામે અપીલ દાખલ કરવાનું મુલતવી રાખવામાં આવશે.

→ કરદાતાઓ અને વિભાગ વચ્ચે વારંવાર ઉદ્ભવતા કોર્ટ કેસોને ઘટાડવામાં ખૂબ જ મદદ મળશે.

❖ **IFSC ને કર પ્રોત્સાહનો :**

→ ચોક્કસ શરતોને આધીન, નીચેની બાબતોને કરવેરામાંથી મુકિત અપાશે.

→ વિદેશી ડેરિવેટિવ લેખોમાંથી બિન–નિવાસીની આવક.

→ વિદેશી બેન્કિંગ એકમ દ્વારા જાહેર કરાયેલા પ્રતિ ડેરિવેટિવ્સ લેખોમાંથી આવક.

→ IFSC માં પોર્ટફોલિયો સંચાલન સેવામાંથી પ્રાપ્ત થયેલી આવક.

❖ **સરચાર્જની તર્કસંગતા :**

→ AOP (કરારના અનુપાલન માટે ઘડવામાં આવેલુ કોન્સર્ટિયમ) ઉપર સરચાર્જ મહત્તમ 15% રહેશે.

→ વ્યકિતગત કંપનીઓ અને AOPs ની વચ્ચે સરચાર્જમાં વિસંગતતા ઘટાડવા લેવાયેલું પગલું.

→ કોઈપણ પ્રકારની અસ્કયામતોના હસ્તાંતરણમાંથી ઉદ્ભવતા લાંબાગાળાના મૂડી ફાયદા ઉપર સરચાર્જ મહત્તમ 15% સુધી રહેશે.

→ સ્ટાર્ટઅપ સમુદાયને ઉત્તેજન આપવા લેવાયેલું પગલું.

❖ **આરોગ્ય અને શિક્ષણ ઉપકર :**

→ આવક અને નફા ઉપર કોઈપણ પ્રકારનો સરચાર્જ અથવા ઉપકરની ગણતરી વેપારી ખર્ચ તરીકે માન્ય ગણાશે નહીં.

❖ **કરચોરી સામે નિવારણ :**

→ તપાસ કે દરોડા અભિયાન દરમિયાન કોઈ જાહેર કરેલી આવક વિશે જાણકારી મળશે તો તેને કોઈ પણ પ્રકારના નુકશાન કે નુકસાની સ્વરૂપે માન્યતા નહીં આપવામાં આવે.

❖ **TDS જોગવાઈઓની તર્ક સંગતતા :**

→ વેપાર પ્રોત્સાહન રણનીતિ તરીકે એજન્ટ પર પસાર કરવામાં આવેલા લાભો એજન્ટ માટે કરપાત્ર બનશે.

→ જો નાણાંકીય વર્ષ દરમિયાન લાભનું કુલ મૂલ્ય રૂ. 20,000 થી વધુ જાય તો લાભ આપી રહેલા વ્યકિતને કર કપાત પૂરી પાડાશે.

❖ **GST માં નોંધપાત્ર પ્રગતિ :**

→ મહામારીના સમયગાળા છતાં GSTની આવક ઉચ્ચતમ સ્તર પર પહોંચી છે. આ વૃદ્ધિ માટે કરદાતાઓ પ્રશંસાને પાત્ર છે.

❖ **વિશેષ આર્થિક ક્ષેત્રો (SEZ) :**

→ બજેટ અનુસાર વિશેષ આર્થિક ક્ષેત્રોના કસ્ટમ વહીવટમાં સુધારા હાથ ધરવામાં આવશે અને આ સંપૂર્ણપણે IT સંચાલિત હશે અને જોખમ આધારિત તપાસ સાથે વધારે સુવિધા પર ધ્યાન આપવાની સાથે આ સીમાશુલ્ક રાષ્ટ્રીય પોર્ટલ (કસ્ટમ નેશનલ પોર્ટલ) પર સંચાલિત હશે. આ સુધારો 30મી સપ્ટેમ્બર, 2022 સુધીમાં અમલી બનાવવામાં આવશે.

❖ **સીમા શુલ્ક સુધારાઓ અને શુલ્કના દરોમાં ફેરફાર :**

→ ફેસલેસ સીમાશુલ્ક સંપૂર્ણપણે સ્થાપિત કરવામાં આવ્યું છે. કોવિડ–19 મહામારી દરમિયાન, સીમા શુલ્ક સંગઠનોએ ચપળતા અને સંકલ્પનું પ્રદર્શન કરીને તમામ મુશ્કેલીઓની સામે અસાધારણ રીતે અગ્રિમ હરોળમાં કામગીરી કરી છે.

❖ **પરિયોજનાગત આવકો અને મૂડી માલ–સામાન :**

→ મૂડીગત વસ્તુઓ અને પરિયોજના ગત આયાતોમાં છૂટછાટના દરો ક્રમિક રીતે દૂર કરવા અને 7.5% અસાધારણ શુલ્ક લગાવવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે.

→ દેશની અંદર ઉત્પાદન ન થતી હોય તેવી અદ્યતન મશીનરીઓ માટે ચોક્કસ પ્રકારની છૂટછાટો જળવાઈ રહેશે. કાચા માલ પર થોડી કરમુક્તિ પ્રસ્તુત કરવામાં આવી છે, જેમાં વિશેષ કોસ્ટિંગ્સ, બોલ સ્ક્રૂ અને લિનીયર મોશન ગાઈડ પર કેટલીક છૂટછાટો આપવાનું ચલણ ચાલુ કરવામાં આવ્યું છે. જેથી મૂડીગત ચીજવસ્તુઓના સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન મળે. જેથી મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમને તેજ ગતિ મળે.

❖ **સીમાશુલ્ક છૂટ અને સરળીકરણની સમીક્ષા :**

→ 350 થી વધારે કર મુક્તિઓને તબક્કાવાર રીતે દૂર કરવામાં આવશે. જેમાં ચોક્કસ કૃષિ ઉત્પાદનો, રસાયણો, વસ્ત્ર, તબીબી ઉપકરણો તથા દવાઓનો સમાવેશ થાય છે. જેના માટે પૂરતા પ્રમાણમાં ઘરેલુ ક્ષમતા ઉપસ્થિત છે.

→ ખાસ કરીને રસાયણ, કપડાં અને ધાતુ જેવા ક્ષેત્રો માટે સીમાશુલ્ક દરો અને શુલ્ક દરોનું માળખું સરળ બનાવાશે અને વિવાદોમાં ઘટાડો થશે. જે ચીજવસ્તુઓ ભારતમાં ઉત્પાદન કરવામાં આવે છે. કાચા ચાલ પર રાહત સ્વરૂપે શુલ્ક લગાવવાથી 'મેક–ઈન–ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત'ના આપણા લક્ષ્યને પ્રાપ્ત કરવામાં મદદ મળશે.

❖ **લેગ વિશેષ પ્રસ્તાવો :**

**(1) ઈલેક્ટ્રોનિક ક્ષેત્ર –**

→ આ ક્ષેત્રમાં ધારણ કરી શકાય તેવા ઉપકરણો, સાંભળી શકાય તેવા ઉપકરણો અને ઈલેક્ટ્રોનિક સ્માર્ટ મીટરના સ્થાનિક ઉત્પાદનની સુવિધા આપવા ગ્રેડેડ દરનું માળખું પ્રદાન કરવા કસ્ટમ ડયુટીના વિવિધ દર વધારવામાં આવ્યા છે.

→ દેશમાં વધારે વૃદ્ધિદર ધરાવતી ઈલેક્ટ્રોનિક વસ્તુઓના ઉત્પાદન માટે મોબાઈલ ફોનના ચાર્જરના ટ્રાન્સફોર્મરના પાટ્ર્સ અને મોબાઈલ કેમેરા મોડયુલના કેમેરા લેન્સ અને કેટલીક અન્ય વસ્તુઓ પર શુલ્કમાં રાહત આપવામાં આવશે.

**(2) જ્વેલરી અને આભૂષણ –**

→ જ્વેલરી અને આભૂષણ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે કાપેલા અને પોલીશ કરેલા હીરા અને રત્ન પથ્થરો પર સીમાશુલ્ક ઘટાડીને 5% કરવામાં આવશે, માત્ર કાપેલા હીરા પર કોઈપણ સીમાશુલ્ક લાગુ પડશે નહીં.

→ ઈ–કોમર્સ દ્વારા જ્વેલરીની નિકાસને વેગ આપવા સરળ નિયમનકારી માળખાનો અમલ ચાલુ વર્ષે જૂન સુધીમાં થશે. ઓછું મૂલ્ય ધરાવતી ઈમિટેશન જ્વેલરીની આયાતને મર્યાદિત કરવા ઈમિટેશન જ્વેલરી પર કસ્ટમ ડયૂટી એ રીતે સૂચિત કરવામાં આવી છે કે એની આયાત પર કિલોગ્રામ દીઠ ઓછામાં ઓછા રૂ. 400 ની ડયૂટી ચૂકવવામાં આવે.

**(3) રસાયણ –**

→ કેટલાક મહત્વપૂર્ણ રસાયણ જેમ કે મિથેનોલ, એસિટિક એસિડ અને પેટ્રોલિયમ સંશોધન સાથે જોડાયેલા હેવી ફીડ સ્ટોક ઉપર સીમાશુલ્ક ઘટાડવામાં આવી રહ્યો છે. દેશમાં પર્યાપ્ત ક્ષમતા ધરાવતાં સોડિયમ સાઈનાઈડ પર સીમાશુલ્ક વધારવામાં આવી રહ્યું છે. તેનાથી દેશમાં મૂલ્ય વર્ધનમાં મદદ મળશે.

**(4) MSME –**

→ છત્રી પર સીમાશુલ્ક વધારીને 20% કરવામાં આવશે.

→ ભારતમાં નિર્માણ કરાતાં કૃષિ ક્ષેત્ર સાથે જોડાયેલા પાટર્સ પર આપવામાં આવી રહેલી શુલ્કની રાહતને તર્કસંગત બનાવવામાં આવશે.

→ ગત વર્ષે સ્ટીલ સ્ક્રેપ પર આપવામાં આવેલી સીમાશુલ્કમાં છૂટછાટ હવે વધુ એક વર્ષ આપવામાં આવશે, જેથી MSME સાથે જોડાયેલા આનુષાંગિક સ્ટીલ ઉત્પાદકોને રાહત મળી શકે.

→ સ્ટેઈનલેસ સ્ટીલ અને સ્ટીલના કોટેડ ચોરસ ઉત્પાદનો, એલોય સ્ટીલ અને હાઈસ્પીડ સ્ટીલના સળીયા ઉપર કેટલાક એન્ટી ડમ્પિંગ શુલ્ક અને સીવીડી પાછી ખેંચવામાં આવે છે. જેથી જનહિતમાં આ ધાતુઓની વર્તમાન ઊંચી કિંમતોનો સામનો કરી શકાય.

**(5) નિકાસ –**

→ વિવિધ ચીજવસ્તુઓની નિકાસને વેગ આપવા શણગાર માટેની ચીજવસ્તુઓ, ટ્રિમિંગ, ફાસ્ટનર્સ, બટન, ઝિપર, અસ્તરની સામગ્રી, ચોક્કસ પ્રકારનું ચામડું, ફર્નિચર ફિટિંગ્સ અને પેકેજિંગ બોક્ષ જેવી ચીજવસ્તુઓ પર કરમુક્તિ પ્રદાન કરવામાં આવી છે. જેની જરૂર હસ્તકળા, ટેકસટાઈલ અને લેધર ગાર્મેન્ટ, લેધર ફુટવેર અને અન્ય ચીજવસ્તુઓના વાસ્તવિક નિકાસકારોને પડી શકે છે.

→ ઝીંગા, માછલીની નિકાસને પ્રોત્સાહન આપવા માટે ચોક્કસ પ્રકારની કાચી સામગ્રી પર વેરો ઘટાડવામાં આવ્યો છે.

**(6) ઈંધણના મિશ્રણને પ્રોત્સાહન આપવા માટે કરવેરા સંબંધી ઉપાય –**

→ મિશ્રણ રહિત ઈંધણ ઉપર 1 ઓકટોબર, 2022 થી પ્રતિલીટર 2 રૂપિયાની વધારાની વિભાજક આબકારી જકાત લાગશે. જેથી ઈંધણના મિશ્રણને પ્રોત્સાહન આપી શકાય.

❖ **અન્ય મહત્વના મુદ્દાઓ :**

→ નાણાંમંત્રીએ જણાવ્યું કે એર ઈન્ડિયાની માલિકીના વ્યૂહાત્મક હસ્તાંતરણનું કાર્ય પૂર્ણ થઈ ગયું છે.

→ નીલાંચલ ઈસ્પાત નિગમ લિમિટેડ (NINS) માટે વ્યૂહાત્મક ભાગીદારીની પસંદગી થઈ છે.

→ LIC ના પબ્લિક ઈશ્યુ કે IPO ટૂંક સમયમાં આવશે એવી અપેક્ષા છે અને વર્ષ 2022-23 માટે અન્ય દરખાસ્તો પર પણ પ્રક્રિયા ચાલુ છે.

→ વર્ષ 2022-23 નો વિનિવેશ (DisInvestment) લક્ષ્યાંક રૂ. 65,000 કરોડ છે. જે 2021-22 ના સુધારેલ અંદાજ કરતા 17% ઓછો છે.

❖ **વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ :**

→ આ પ્રોગ્રામ અંતર્ગત ઉત્તરીય સરહદના ગામોને આવરી લેવામાં આવશે. અહીંની પ્રવૃત્તિઓમાં ગ્રામીણ માળખાકીય સુવિધાઓ, આવાસ, પ્રવાસ કેન્દ્રોનું નિર્માણ માર્ગ જોડાણ, વિકેન્દ્રિત નવીનીકરણીય ઊર્જાની જોગવાઈ, દૂરદર્શન અને શિક્ષણ ચેનલો માટે ડાયરેક્ટ ટુ હોમ એકસેસની જોગવાઈ અને આજીવિકા નિર્માણ માટે સહાયનો સમાવેશ થાય છે.

→ વર્ષ 2022-23 માં એસ્પિરેશનલ ડિસ્ટ્રિકટ પ્રોગ્રામ તે બ્લોકસ પર ધ્યાન કેન્દ્રિત કરશે, જેમણે જટિલ વિસ્તારોમાં યોગ્ય પ્રગતિ નથી કરી.

| રૂપિયાની આવક | | રૂપિયાની જાવક | |
|---|---|---|---|
| 15 પૈસા | ઈન્કમ ટેકસ | 20 પૈસા | વ્યાજની ચૂકવણી |
| 7 પૈસા | યુનિયન એકસાઈઝ ડયૂટી | 17 પૈસા | ટેકસ અને ડયૂટીમાં રાજ્યનો હિસ્સો |
| 15 પૈસા | કોર્પોરેશન ટેકસ | 15 પૈસા | કેન્દ્રીય ક્ષેત્રીય યોજનાઓ |
| 16 પૈસા | GST | 10 પૈસા | નાણાંપંચ અને અન્ય ફાળવણી |
| 5 પૈસા | કસ્ટમ | 9 પૈસા | કેન્દ્ર અને પ્રાયોજિત યોજનાઓ |
| 5 પૈસા | કર સિવાયની આવક | 8 પૈસા | સબસિડી |
| 35 પૈસા | ઉધાર અને અન્ય જવાબદારી | 8 પૈસા | સંરક્ષણ |
| 2 પૈસા | ઋણ સિવાયની મૂડી આવક | 9 પૈસા | અન્ય ખર્ચ |
| | | 4 પૈસા | પેન્શન |

❖ **આવક વેરા**

→ વ્યકિતઓ અને કોર્પોરેશનો માટે આવક વેરાના દરોમાં કોઈ ફેરફાર કરાયો નથી.

| વર્ષ 2022-23 માટે કરમાળખું | | |
|---|---|---|
| **સ્લેબ** | **વિકલ્પ–1** | **વિકલ્પ–2** |
| ➢ 0 – 2.5 લાખ | કોઈ ટેકસ નહીં | કોઈ ટેકસ નહીં |
| ➢ 2.5 લાખથી 5 લાખ | 5% | 5% |
| ➢ 5 લાખથી 7.5 લાખ | 10% | 20% |
| ➢ 7.5 લાખથી 10 લાખ | 15% | 20% |
| ➢ 10 લાખથી 12.5 લાખ | 20% | 30% |
| ➢ 12.5 લાખથી 15 લાખ | 25% | 30% |
| ➢ 15 લાખથી વધુ | 30% | 30% |

| 2022-23માં સબસિડી (રૂ. કરોડમાં) | |
|---|---|
| ➢ ફૂડ સબસિડી | 2,06,831 |
| ➢ ફર્ટિલાઈઝર સબસિડી | 1,05,222 |
| ➢ પેટ્રોલિયમ સબસિડી | 5,813 |
| ➢ અન્ય સબસિડી | 37,773 |

Banking Academy

| મંત્રાલય મુજબ ફાળવણી | |
|---|---|
| **મંત્રાલય** | **ફાળવણી (રૂ. કરોડમાં)** |
| ➢ સંરક્ષણ મંત્રાલય | 5,25,166 |
| ➢ ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ | 2,17,684 |
| ➢ માર્ગ પરિવહન અને હાઈવેઝ | 1,99,108 |
| ➢ ગૃહ મંત્રાલય | 1,85,776 |
| ➢ રેલવે મંત્રાલય | 1,40,367 |
| ➢ ગ્રામીણ વિકાસ મંત્રાલય | 1,38,204 |
| ➢ કૃષિ અને ખેડૂત કલ્યાણ | 1,32,514 |
| ➢ રસાયણ અને ખાતર | 1,07,715 |
| ➢ કોમ્યુનિકેશન્સ | 1,05,407 |
| ➢ શિક્ષણ | 1,04,278 |
| ➢ આરોગ્ય અને પરિવાર કલ્યાણ | 86,201 |
| ➢ જળશકિત | 86,189 |
| ➢ આવાસ અને શહેરી બાબતો | 76,549 |
| ➢ અન્ય મંત્રાલય | 18,39,751 |

| યોજના મુજબ ફાળવણી | |
|---|---|
| **યોજના** | **ફાળવણી (રૂ. કરોડમાં)** |
| ➢ મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરેન્ટી યોજના (MGNREGS) | 73,000 |
| ➢ જળ જીવન મિશન / નેશનલ રૂરલ ડ્રિન્કિંગ વોટર મિશન | 60,000 |
| ➢ PM-KISAN | 68,000 |
| ➢ પ્રધાનમંત્રી આવાસ યોજના | 48,000 |
| ➢ નેશનલ હેલ્થ મિશન | 37,800 |
| ➢ સક્ષમ આંગણવાડી અને POSHAN 2.0 | 20,263 |
| ➢ મોડીફાઈડ ઈન્ટરેસ્ટ સબવેન્શન યોજના | 19,500 |
| ➢ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના | 19,000 |
| ➢ પ્રધાનમંત્રી ફસલ બિમા યોજના | 15,500 |
| ➢ નેશનલ લાઈવલીહુડ મિશન–આજીવિકા | 14,236 |
| ➢ AMRUT અને સ્માર્ટ સિટીઝ મિશન | 14,100 |
| ➢ પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના | 12,954 |
| ➢ રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના | 10,433 |
| ➢ PM-POSHAN | 10,234 |

| GDPમાં ખાધનો અંદાજ | | | |
|---|---|---|---|
| **વિગત** | **વાસ્તવિક 2020-21** | **સુધારેલ 2021-22** | **અંદાજ 2022-23** |
| ➢ રાજકોષીય ખાધ | 9.2% | 6.9% | 6.4% |
| ➢ મહેસૂલી ખાધ | 7.3% | 4.7% | 3.8% |
| ➢ પ્રાથમિક ખાધ | 5.8% | 3.3% | 2.8% |

| બજેટ અંદાજ (2022-23) | |
|---|---|
| **વિગત** | **2022-23 (કરોડમાં)** |
| ➢ મહેસૂલી ખર્ચ | 31,94,663 |
| ➢ મૂડી ખર્ચ | 7,50,246 |
| | **39,44,909** |
| ➢ મહેસૂલી આવક | 22,04,442 |
| ➢ મૂડી ખર્ચ | 79,291 |
| | **22,83,713** |
| ➢ મહેસૂલી ખાધ | 9,90,271 (3.8%) |
| ➢ રાજકોષીય ખાધ | 16,61,196 (6.4%) |
| ➢ પ્રાથમિક ખાધ | 7,20,545 (2.8%) |
| → ભારત સરકારને 2022-23માં રૂ. 39,44,909 કરોડના ખર્ચનો અંદાજ છે. | |